પ્રેસનોટ તા.૩૧/૦૧/૨૦૧૦.

## પ્રદેશ પ્રમુખ તરીકે શ્રી આર.સી. ફળદુનું એક માત્ર ફોર્મ

આજ રોજ ગુજરાત પ્રદેશ ભાજપાના નવા અધ્યક્ષની વરણી માટે જાહેર કરવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત સાંજે ૫ થી ૭ના સમય દરમ્યાન જામનગર જીલ્લાના કાલાવડના કાર્યકર તેમજ ધારાસભ્ય શ્રી આર.સી.ફળદુના નામની દરખાસ્ત કરતા આઠ દરખાસ્ત પત્રો ગુજરાત રાજયના લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી પરશોત્તમભાઈ રૂપાલા, રાષ્ટ્રીય મંત્રી, આદિવાસી નેતા તેમજ રાજયસભાના સાંસદ શ્રી કાનજીભાઈ પટેલ, મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, પૂર્વ મંત્રી તેમજ ક્ષત્રિય આગેવાન શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કૃષિ મંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણી, અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ પ્રમુખ શ્રી આત્મારામભાઈ પરમાર અને રાજયસભાના સાંસદ શ્રી નટુજી ઠાકોર દ્વારા રજુ કરવામાં આવ્યા હતા.

પ્રદેશ પ્રમુખની સંરચનાની ફોર્મ ભરવાની વિધી સમયે કેન્દ્રમાંથી મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે શ્રી ગોપીનાથ મુંડેજી, પ્રદેશ સંરચના અધિકારી શ્રી ભરતસિંહ પરમાર સહિત પ્રદેશના આગેવાનો અને પ્રાદેશિક પ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યા હતા.